RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 83* Date: 11.01.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# જોશીમઠમાં અસુરક્ષિત મકાનોને તોડી પાડવાની કામગીરી શરૂ

**મકાનોમાં રહેતા પરિવારોને ત્યાંથી હટાવીને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા, અસુરક્ષિત ૨૦૦થી વધુ ઘરો પર લાલ નિશાન લગાવ્યું છે**

**હોટલ પર બુલડોઝર ચાલતા જ છલકાઈ ઉઠ્યુ દર્દ, ૩૦ લાખનું દેવું હવે કઈ રીતે ચુકવી શકીશ**



દહેરાદુન,તા.૧૦

ઉત્તરાખંડના જોશીમઠમાં રોજ પસાર થતાં દિવસોની સાથે જમીન ધસી જવાને કારણે ઘરોમાં તિરાડો દેખાઈ રહી છે, આવી સ્થિતિમાં ચમોલી જિલ્લા વહિવટી તંત્રએ મકાનોનું ઘરે-ઘરે જઈને સર્વેક્ષણ ઝડપી કર્યું છે. આ સાથે મકાનોમાં રહેતા પરિવારોને ત્યાંથી હટાવીને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધીમાં ૬૭૮ ઘરોમાં તિરાડો પડી ગઈ છે. સાથે જ જે ઈમારતો અસુરક્ષિત બની ગઈ છે તેને તોડી પાડવાની ઝુંબેશ આજથી એટલે કે મંગળવારથી શરૂ કરવામાં આવી છે. મુખ્ય સચિવ ડૉ.એસ.એસ. સંધુએ અસુરક્ષિત ઈમારતોને તોડી પાડવા સૂચના આપી છે. સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકોની દેખરેખ હેઠળ આ કામ પૂર્ણ કરવામાં આવશે. અસુરક્ષિત ઈમારતો પર રેડ માર્કિંગ કરવામાં આવ્યું છે.

કહેવામાં આવી રહ્યું છે કે ઈમારતોને તોડવા માટે વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવશે નહીં. આ માટે ખાસ મિકેનિકલ ટેક્નોલોજીની મદદ લેવામાં આવશે. આ કામને એક એક્સપર્ટ ટીમની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારે વરસાદ અને ભારે હિમવર્ષાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહિવટીતંત્રની ટીમ શક્ય તેટલી વહેલી તકે અસુરક્ષિત મકાનોને તોડી પાડવા માંગે છે. તો કોઈપણ રાહત અને બચાવ કામગીરીમાં સ્થાનિક પ્રશાસનને મદદ કરવા માટે એનડીઆરએફની એક ટીમ તૈયાર રાખવામાં આવી છે.

જિલ્લા પ્રશાસને અસુરક્ષિત ૨૦૦થી વધુ ઘરો પર લાલ નિશાન લગાવ્યું છે. તેણે આ મકાનોમાં રહેતા લોકોને કાં તો અસ્થાયી રાહત કેન્દ્રોમાં ખસેડવા અથવા ભાડાના મકાનોમાં સ્થળાંતરિત થવા માટે કહ્યું છે.

આ માટે દરેક પરિવારને આગામી છ મહિના સુધી રાજ્ય સરકાર તરફથી ૪૦૦૦ રૂપિયાની માસિક સહાય મળશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ચમોલીના એક બુલેટિન મુજબ, જોશીમઠમાં સોમવારે વધુ ૬૮ ઘરોમાં તિરાડો જોવા મળી હતી, ત્યારબાદ જમીન ધસી જવાથી પ્રભાવિત ઘરોની સંખ્યા વધીને ૬૭૮ થઈ ગઈ છે, તો ૨૭ વધુ પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૮૨ પરિવારોને નગરમાં સુરક્ષિત સ્થળોએ મોકલવામાં આવ્યા છે. દરમિયાન ઘર અને હોટલ તોડવામાં આવી છે તે ઘરમાં રહેતા લોકોએ જણાવ્યું હતું કે 'અમે આ ઘર અને હોટલ અમારા જીવનભરની કમાણીથી બનાવી છે. આ માટે તેમણે સ્ટેટ બેંકમાંથી ૨૫ લાખની લોન લીધી હતી અને કેટલાક સંબંધીઓ પાસેથી પણ લોન લીધી હતી, પરંતુ આજે આ હોટલને તોડી પાડવા અંગે તેમને કોઈ પૂર્વ માહિતી આપવામાં આવી ન હતી. અમને કોઈ ફરિયાદ નથી, બજારના દરે વળતર આપો. ભીની આંખોથી ભરપૂર આલિંગન સાથે, હોટેલ મલેરીના માલિક કલ્પેશ્વરી રાણાએ પોતાનું દર્દ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું હતું કે એ વાત સાચી છે કે વ્યક્તિ આખી જીંદગી કમાણી કરીને સતત ઘર બનાવી લે છે અને જ્યારે તેની નજર સામે તેને તોડી નાખવામાં આવે છે ત્યારે તે આ દ્રશ્ય જોઈ શકશે નહીં. પણ જોશીમઠને બચાવવાની જરૂર છે હોટલ માલિકોને આ વાતની જાણ થઈ તો તેઓ રડવા લાગ્યા. મલારી હોટલના માલિકે જણાવ્યું કે તેમની લોન પણ હજુ સુધી ચૂકવવામાં આવી નથી.

માઉન્ટ વ્યૂના માલિક મધુર સેમવાલ હજુ પણ અરજી લખીને અધિકારીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યો હતો તેઓ કહે છે કે ડિમોલિશન એટલી ટૂંકી સૂચના પર થઈ રહ્યું છે કે તેઓ સમગ્ર સામગ્રીને પણ દૂર કરી શક્યા નથી. હોટલ બંધ થવાથી અને હવે તેને તોડી પાડવાના કારણે તેમને મોટું નુકસાન થવાનું છે. તેમની માંગ છે કે સરકારે તેમને બજાર દરે વળતર આપવું જોઈએ જેથી કરીને તેઓ અન્યત્ર તેમની રોજગાર શરૂ કરી શકે.

હોટેલ મલેરી ઈનના માલિક ઠાકુર સિંહ રાણાએ કહ્યું છે કે જો જનહિતમાં હોટલને તોડી પાડવામાં આવી રહી છે તો હું સરકાર અને પ્રશાસનની સાથે છું. ભલે મારી હોટલમાં આંશિક તિરાડો હોય. પરંતુ મને નોટિસ આપવામાં આવી હોવી જોઈએ અને મૂલ્યાંકન કરવું જોઈએ.

હું મૂલ્યાંકન માટે વિનંતી કરું છું. એસડીઆરએફ કમાન્ડન્ટ મણિકાંત મિશ્રાએ જણાવ્યું હતું કે, બે હોટલમાંથી મલેરી ઈનને આજે તબક્કાવાર રીતે તોડી પાડવામાં આવશે.

પ્રથમ ટોચનો ભાગ તૂટી જશે. આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે બંને હોટલો ઝૂકી ગઈ છે અને એકબીજાની ખૂબ નજીક આવી ગઈ છે.

## માખન સિંહ મર્ડર કેસ : પંજાબ-મહારાષ્ટ્ર એટીએસએ મુંબઈમાંથી ૩ ગેંગસ્ટરની કરી ધરપકડ

મુંબઈ,તા.૧૦

પંજાબના માખન સિંહ હત્યા કેસમાં પોલીસે ત્રણ કુખ્યાત ગેંગસ્ટરોની ધરપકડ કરી છે. મહારાષ્ટ્રના મુંબઈથી ગેંગસ્ટરોની ધરપકડ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પંજાબ એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને મહારાષ્ટ્ર એટીએસ બંનેએ સંયુક્ત રીતે ગેંગસ્ટરોને પકડવા માટે દરોડા પાડ્યા હતા.જેમા ત્રણ ગેંગસ્ટરો પંજાબના રહેવાસી હોવાનું સાબિત થયું છે. અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ ત્રણેય ગુનેગારો બબ્બર ખાલસા ચીફ હરવિંદર સિંહ રિંડા અને સોનુ ખત્રી ગેંગ સાથે સંકળાયેલા છે. સાથે એવુ પણ કહેવાય છે કે ત્રણેય ગેંગસ્ટરો પર હત્યા જેવા ગંભીર આરોપ છે. તેઓ નવાશહેર વિસ્તારમાં માખન સિંહની હત્યા કરીને ભાગી ગયા હતા. પંજાબ પોલીસ ઘણા દિવસોથી તેને શોધી રહી હતી. પરંતુ, તેઓનો પત્તો લાગ્યો ન હતો. આ પછી તેને પકડવાનું કામ પંજાબ એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સને સોંપવામાં આવ્યું હતું. સોનુ ખત્રી ગેંગના આ ત્રણેય આરોપીઓ આંતરરાષ્ટ્રીય ફરાર આતંકવાદી હરવિંદર સિંહ રિંડાના સંપર્કમાં રહેતા અને મુંબઈ નજીક આવેલા કલ્યાણ જિલ્લાના આબિવલી પહોંચ્યા હતા. આ ત્રણ આરોપીઓના નામ શિવમ સિંહ, ગુરમુખ સિંહ અને અમનદીપ કુમાર છે.અધિકારીઓના જણાવ્યા મુજબ, તેમને માહિતી મળી હતી કે ગુનેગારો મુંબઈમાં છુપાયેલા છે. આ પછી મહારાષ્ટ્ર એટીએસ અને પંજાબ એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સની ટીમે તેમને પકડવા માટે છટકું ગોઠવ્યું હતું. જેમાં ટીમે દરોડો પાડતા જ ગુનેગારો ભાગવા લાગ્યા હતા. જો કે, ટાસ્ક ફોર્સની ટીમે તેમને ઝડપી લીધા હતા. ગુનેગારોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

એવું કહેવાય છે કે પંજાબ એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સે ગુનેગારોને પકડવા માટે તેમના કોલ રેકોર્ડ્સ સ્કેન કર્યા હતા. ગેંગસ્ટરોની સાથે સંકળાયેલા અન્ય ગુનેગારોને પણ કસ્ટડીમાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી. આ પછી ખબર પડી કે ગુનેગારો પંજાબ છોડીને ભાગી ગયા છે. પરંતુ, તેઓ ક્યાં ગયા છે, આ માહિતી હજી ઉપલબ્ધ નથી. પરંતુ, એક દિવસ તેને માહિતી મળી કે તે મુંબઈમાં રહે છે. આ પછી તેણે મુંબઈ પોલીસનો સંપર્ક કર્યો હતો અને તેમની શોધખોળ શરુ કરી હતી.

## કટિહારમાં ટ્રકઅને ઓટો વચ્ચે અકસ્માત, ભીષણ અકસ્માતમાં ૮ લોકોની મોત

કટિહાર,તા.૧૦

સમુગ્ર ઉત્તર ભારત શીત લહેરની જપટમાં છે. દરેક ધુમ્મસ છવાયેલુ છે. જેના લીધે વિજિબિલિટી પણ ઓછી છે. અને તેના લીધે દુર્ઘના થઈ રહી છે. આ વચ્ચે બિહારના કટિહારી જિલ્લામાં દુર્ઘટના સર્જાય હતી. યાત્રીઓથી ભરેલી ઓટોને ટ્રેકે ટક્કર મારી હતી. આ ટક્કરમાં ૮ લોકોની મોત થયા હતા. સ્થાનિક લોકોએ મૃતદેહોને ઓટોમાથી બહાર કાઢ્યાહ તા.

મળતી માહિતી અનુસાર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા. આ દુર્ઘટના દિધરી પટ્રોલ પંપ નજીક બની હતી. કોઢા થાના ક્ષેત્ર હાઈવે ૮૧ દિધરી પેટ્રોલ પંપ પાસે ઓટોને ટ્રકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા હતા. સ્થાનિક લોકો અસકમાતને પગલે ઘટના સ્થળે પહોચીને બચાવ કામગીરી શરૂ કરી હતી.આજે સેનગલમાં મોટી દુર્ઘટના સામે આવી હતી અંહી બે બસોની ભીડમાં ૪૦ લોકોની મોથ થયા હતા. રિપોર્ટ અનુસાર સેટ્રલ સેનેગલના કેફરીન શહેરમાં બે બસો વચ્ચે ટક્કર થઈ ગઈ હતી. જેમા ૪૦ લોકોની મોત થઈ હતી. જ્યારે ૮૫ કરતા વધારે ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં ભરતી કરાવામાં આવ્યા હતા. અંહી તેમનો ઈલાજ ચાલી રહ્યો છે.

## દાઉદના બે સાથીદાર સહીત ૩ ને ૧૦ વર્ષની સજા, પાકિસ્તાનમાં ગુટખાની ફેક્ટરી ખોલી રહ્યા હતા

મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રના મુંબઈની એક કોર્ટે સોમવારે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા એક કેસમાં ત્રણ લોકોને દસ વર્ષની સજા સંભળાવી છે. આ આખો કેસ પાકિસ્તાનમાં ગેરકાયદે ગુટખા ફેકટરી સ્થપાવડાવાનો છે. જેમા મુંબઈની વિશેષ અદાલતે ગુટખા બનાવતા જે.એમ. જોશી, તેમજ દાઉદ ઈબ્રાહીમના સાથીદાર ઝમીરુદ્દીન અંસારી અને ફારૂક મન્સુરીને દશ વર્ષની સજા ફટકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે.એમ. જોશી અને રસિકલાલ ધારીવાલ વચ્ચે પૈસાને લઈને વિવાદ થયો હતો. વિવાદનો ઉકેલ લાવવા માટે બન્નેએ દાઉદ ઈબ્રાહિમનો સંપર્ક કર્યો હતો. દાઉદ ઈબ્રાહિમે, આરોપીઓ પાસે પાકિસ્તાનના કરાચી શહેરમાં ગુટખા ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપવામાં મદદ મેળવી હતી. આ કેસમાં વિશેષ ન્યાયાધીશ બીડી



શેલ્કેએ, દાઉદની સાથીદાર એવા બે અને ગુટખા ઉત્પાદક જોશીને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ જોગવાઈઓ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. અને આ કાયદા હેઠળ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી.

ફરિયાદી અનુસાર, જે.એમ. જોશી અને સહ-આરોપી રસિકલાલ ધારીવાલ વચ્ચે પૈસાને લઈને વિવાદ થયો હતો અને આ બંનેએ વિવાદના સમાધાન માટે દાઉદ ઈબ્રાહિમની મદદ પણ માંગી હતી. વિવાદનું સમાધાન કરવાના માટે દાઉદ ઈબ્રાહિમે ૨૦૦૨માં કરાચીમાં ગુટખા ફેક્ટરી સ્થાપવા માટે તેમની મદદ માંગી હતી. કોર્ટમાં કેસ ચાલવા દરમિયાન ધારીવાલનું મૃત્યુ નિપજ્યું હતું. દાઉદ ઈબ્રાહીમ આ કેસમાં વોન્ટેડ આરોપી સાબિત થયો હતો.

તાજેતરમાં મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર એમ.એન. સિંહે કહ્યું હતું કે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ શેતાન બની ગયો હતો કારણ કે તેને સામાજિક ઓળખ આપવામાં આવી હતી અને સારા લોકો સાથે ઉઠતો- બેસતો હતા. તેમણે કહ્યું કે તેમણે કહ્યું કે રાજકારણીઓ ગુનેગારોનો ઉપયોગ કરે છે કારણ કે તેમને લાગે છે કે સમાજ પર ગુનેગારોની પકડ છે. પોલીસ દળમાં રાજકીય દખલગીરીના કારણે કેટલાક અધિકારીઓ પણ બેઈમાન બની જાય છે. ભૂતપૂર્વ પોલીસ કમિશનર એમ.એન. સિંહે ૨૦૨૧ એન્ટિલિયા બોમ્બ કેસને શરમજનક ઘટના ગણાવી હતી, જેમાં મુંબઈ પોલીસના કેટલાક અધિકારીઓ કથિત રીતે સામેલ હતા.

## જોશીમઠમાં ૨ લક્ઝરી હોટલ તોડી પડાશે, બુલડોઝર પહોંચ્યું :સુપ્રીમનો તાત્કાલિક સુનાવણી માટે ઈનકાર

દેહરાદૂન,તા.૧૦

ઉત્તરાખંડના જોશીમઠમાં જમીન ધસી રહી છે. સોમવારે કેન્દ્રની એક ટીમે અહીં પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ દરમિયાન આજે એક્સપર્ટ તરફથી હોટલ મલારી ઈન અને હોટલ માઉન્ટ વ્યૂને અસુરક્ષિત જાહેર કરાયા બાદ એને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બુલડોઝર સાથે ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. એને તોડી પાડવાનું કામ સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ની દેખરેખ હેઠળ કરવામાં આવશે.બે હોટલ મલારી ઈન અને હોટલ માઉન્ટ વ્યૂ તોડી પાડવામાં આવશે. એસડીઆરએફના કમાન્ડન્ટ મણિકાંત મિશ્રાએ કહ્યું હતું કે આજે ટીમે હોટલ મલારી ઈનને તોડી પાડવાનો નિર્ણય કર્યો છે. પહેલા ઉપરનો ભાગ તોટી નાખવામાં આવશે. બંને હોટલ એકબીજાની ખૂબ નજીક આવી ગઈ છે. તેમની આસપાસ ઘરો છે, તેથી એને તોડી પાડવી જરૂરી છે. જો હોટલ વધુ ધસી પડશે તો એ પડી જશે. એસડીઆરએફ તહેનાત કરવામાં આવી છે. લાઉડસ્પીકર દ્વારા લોકોને સલામત સ્થળે જવા માટે કહેવામાં આવી રહ્યું છે.સુપ્રીમ કોર્ટે જોશીમઠ કેસ પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. જોશીમઠ મામલે કેસની સુનાવણી ૧૬ જાન્યુઆરીએ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે દરેક કેસની સુનાવણી ઝડપથી થઈ શકતી નથી. આ બાબતો માટે લોકતાંત્રિક સંસ્થાઓ છે, જે કામ કરી રહી છે.હોટલ મલારી ઈનના માલિક ઠાકુર સિંહ રાણાનું કહેવું છે કે તેમને વહીવટીતંત્ર તરફથી કોઈ નોટિસ મળી નથી. હું લોકોના હિતમાં પોતાની હોટલ તોડી પાડવાના સરકારના નિર્ણયની સાથે છું, પરંતુ મને એ પહેલાં નોટિસ મળવી જોઈતી હતી. હોટલનું મૂલ્યાંકન કરવું જોઈએ.હોટેલ મલારી ઈનના માલિક ઠાકુર સિંહ રાણાએ જણાવ્યું કે તે ૨૦૧૧માં બનાવવામાં આવી હતી. આ દરમિયાન નકશો પણ પાસ કરવામાં આવ્યો હતો. હોટેલ માલિક દાવો કરે છે કે આજ સુધી ૨૦૧૧-૨૦૨૨ સુધી કોઈએ કહ્યું નથી કે આ જમીન આપત્તિગ્રસ્ત વિસ્તારમાં છે. માલિકના જણાવ્યા અનુસાર હોટલ જોશીમઠ નગરપાલિકાની પરવાનગીથી બનાવવામાં આવી હતી. પરંતુ હવે નોટિસ આપ્યા વિના હોટલ તોડી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે સરકારે આ વિસ્તારને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવો જોઈએ.

## આફતાબે જેલમાં વાંચવા માટે કાયદાની પુસ્તકો માગી:કોર્ટે ૧૪ દિવસ કસ્ટડી લંબાવી

નવીદિલ્હી,તા.૧૦

શ્રદ્ધા હત્યાકાંડના આરોપી આફતાબ પૂનાવાલાની જ્યૂડિશિયલ કસ્ટડીને ૧૪ દિવસ લંબાવી દીધી છે. દિલ્હીની સાકેત કોર્ટે આ ચૂકાદો આપ્યો હતો. ત્યારે આ દરમિયાન આફતાબે કોર્ટ પાસે કસ્ટડીમાં વાંચવા માટે કેટલીક કાયદાની પુસ્તકો માગી હતી.

પૂનાવાલાને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અવિરલ શુક્લાની સામે કોર્ટ લોકઅપમાં રજૂ કરાયો હતો. જ્યાં તેમણે જેલ અધિકારીઓને આફતાબને ગરમ કપડા પૂરા પાડવાની સૂચના આપી હતી. આ અગાઉ પણ ૯ ડિસેમ્બરે કોર્ટે પૂનાવાલાની કસ્ટડી ૪ દિવસ માટે લંબાવી હતી. આફતાબ ૧૨ નવેમ્બરથી કસ્ટડીમાં છે.

આ કેસમાં અત્યારસુધી આફતાબનો નાર્કો અને પોલીગ્રાફ ટેસ્ટ થઈ ચૂક્યા છે, જેમાં તેણે શ્રદ્ધાની હત્યાની વાતનો સ્વિકાર કર્યો હતો. હ્લજીન્ની ટીમે ૨૩ ડિસેમ્બરે આફતાબના નાર્કો ટેસ્ટનો રિપોર્ટ દિલ્હી પોલીસને સોંપ્યો હતો. ત્યારે, કોર્ટે આફતાબ અમીન પૂનાવાલાની જ્યૂડિશિયલ કસ્ટડી ૯ જાન્યુઆરી સુધી લંબાવી હતી.

૧૫ દિવસ અગાઉ દિલ્હી પોલીસ આરોપી આફતાબને તિહાડ જેલમાંથી સેન્ટ્રલ ફોરેન્સિક લેબ લઈ ગઈ હતી. જ્યાં તેનો વોઈસ સેમ્પલ લેવામાં આવ્યો હતો. જોકે, આ કેસમાં પોલીસને એક ઓડિયો મળ્યો હતો. જેમાં આફતાબ અને શ્રદ્ધા વચ્ચે ઝઘડો થઈ રહ્યો હતો. આ ઓડિયોથી આફતાબનો અવાજ મેચ કરવા માટે પોલીસે આફતાબનો અવાજ રેકોર્ડ કરાવ્યો છે.દિલ્હી પોલીસનું કહેવું છે કે, કેસમાં ઓડિયો મારફતે જાણી શકાય છે કે, આખરે આફતાબે શ્રદ્ધાની હત્યા કેમ કરી? ઝ્રહ્લજીન્ ટીમ આફતાબના વોઈસ સેમ્પલ અને ઓડિયોને મેચ કરશે. સુત્રોનું કહેવું છે કે, તપાસ કરી રહેલી ટીમને શ્રદ્ધા-આફતાબનો એક કથિત વીડિયો પણ મળ્યો છે. જેમાં પૂનાવાલાને સમજાવાતા જોઈ શકાય છે.

## મતદાન અને ચૂંટણી લડવાની ઉંમર વચ્ચે સમાનતાની વિરુદ્ધમાં ચૂંટણી પંચ, આંબેડકરનું ઉદાહરણ આપ્યું

નવીદિલ્હી,તા.૧૦

રાજ્યસભા, લોકસભા, વિધાનસભા અને વિધાન પરિષદની ચૂંટણીઓમાં ચૂંટણી લડવા માટે મતદાનની વય અને લઘુત્તમ વય વચ્ચે સમાનતા લાવવાની ચર્ચા ચાલી રહી છે. પરંતુ ચૂંટણી પંચે આના પર પોતાનો વાંધો નોંધાવ્યો છે. સૂત્રોએ જણાવ્યું છે કે ચૂંટણી પંચ લોકસભા, રાજ્યસભા, વિધાન સભાઓ અને વિધાન પરિષદોની ચૂંટણી લડવા માટે લાયકાત તરીકે લઘુત્તમ વય મર્યાદા ઘટાડવાના પક્ષમાં નથી.

ચૂંટણી પંચના અધિકારીઓ કર્મચારી, જાહેર ફરિયાદ, કાયદો અને ન્યાયની સ્થાયી સમિતિ સમક્ષ હાજર થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદીય પેનલે પંચને પૂછ્યું હતું કે શું લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણી લડવાની લઘુત્તમ વય ૨૫થી ઘટાડીને ૨૧ વર્ષ અને રાજ્યસભા માટે ૩૦થી ઘટાડીને ૨૫ વર્ષ કરી શકાય છે?

આ સૂચન ૧૯૯૮માં પણ પોલ પેનલને મોકલવામાં આવેલી કેટલીક સુધારા દરખાસ્તોનો એક ભાગ હતો.

સંસદીય પેનલના પ્રશ્નના જવાબમાં, ચૂંટણી પંચે કહ્યું, "આ પ્રકારના સૂચનો અગાઉ પણ બંધારણ સભા સમક્ષ આવ્યા હતા, પરંતુ બીઆર આંબેડકરે તેનો વિરોધ કર્યો હતો. વિરોધમાં, તેમણે એક નવો અનુચ્છેદ, જે હાલમાં બંધારણની કલમ ૮૪ છે, સમાવવા માટે દરખાસ્ત કરી.

આંબેડકરે સૂચવ્યું હતું કે જે લોકો પાસે ચોક્કસ ઉચ્ચ લાયકાત અને ચોક્કસ માત્રામાં જ્ઞાન અને વિશ્વની બાબતોમાં વ્યવહારુ અનુભવ હોય તેઓએ વિધાનસભામાં સેવા આપવી જોઈએ.વિજ્ઞાન ભવન ખાતે ૧૬ જાન્યુઆરીએ યોજાનારી સર્વપક્ષીય બેઠક પહેલા ચૂંટણી પંચે સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ પણ રજૂઆત કરી હતી.

આ દરમિયાન અધિકારીઓએ જણાવ્યું હતું કે પંચે 'ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન' (ઈફસ)નું વિશ્વસનીય અને સંશોધિત સંસ્કરણ વિકસાવ્યું છે. ઈફસ્ના નવા સંસ્કરણનું હાલમાં ટેકનિકલ સમસ્યાઓ સિવાય વ્યાપક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# જાતીય જનગણના

બિહારમાં જાતિગત ગણનાનું કામ શરૂ થવું એટલા માટે ઉલ્લેખનીય છે, કારણ કે તે આ પ્રકારની ગણના કરાવનારું પહેલું રાજ્ય છે. બિહારની સાથે અન્ય રાજ્ય જાતિગત જનગણનાની માંગ કરી રહ્યા હતા, પરંતુ કેન્દ્ર સરકાર કોઈ કારણોસર જૂની પરંપરાનું જ પાલન કરવા તૈયાર થઈ. તે કદાચ એટલા માટે ખચકાઈ હશે, કારણ કે તેનાથી જાતિવાદ આધારિત રાજકારણને બળ મળવાની સાથે જ અનામતની નિત નવી માંગો પેદા થવાનો અંદેશો હતો. સાચું જે હોય તે, એ સારું છે કે બિહાર સરકાર જાતિગત જનગણના સાથે લોકોની આર્થિક સ્થિતિનું પણ આકલન કરવા જઈ રહી છે. લોકોની આર્થિક સ્થિતિ જાણવી એટલા માટે જરૂરી છે, કારણ કે તેને જાણીને જ ક્ષેત્ર વિશેષ માટે આર્થિક ઉત્થાનની કારગત યોજનાઓ શરૂ કરી શકાય છે. આર્થિક સ્થિતિનું આકલન નિર્ધનતા નિવારણની યોજનાઓના અમલમાં પણ સહાયક બને છે, પરંતુ આ જ વાત જાતિગત જનગણના વિશે કહી નથી શકાતી. સૈદ્ધાંતિક રૂપે તો દેશ સામે એ સ્પષ્ટ હોવું જ જોઈએ કે કઈ જાતિના કેટલા લોકો છે, કારણ કે સામાજિક વિકાસની કેટલીય યોજનાઓ આ જ આધાર પર સંચાલિત થાય છે કે ક્યાં, કઈ જાતિની કેટલી સંખ્યા છે? જાતિ ભારતીય સમાજની એક સચ્ચાઈ છે અને તેની અવગણના ન કરી શકાય. જાતિનું સામાજિક, આર્થિક અને રાજકીય દૃષ્ટિએ પણ મહત્ત્વ છે, પરંતુ જાતીય ગણનાના ખતરા પણ છે. સૌથી મોટો ખતરો એ છે કે વિભિન્ન રાજ્યોમાં જાતિઓનું આકલન કરવાના નામે જાતિવાદની રાજનીતિને નવેસરથી ધાર આપી શકાય છે.

તેની અવગણના ન કરી શકાય કે આપણા દેશમાં જાતિઓને જૂથબંધ કરીને કઈ રીતે વોટબેંકની રાજનીતિ કરવામાં આવે છે. દેશમાં કેટલાય પક્ષો એવા છે, જેમના રાજકારણનો આધાર જ જાતિવાદ ઉપર ટકેલો છે. એવા પક્ષોએ વિભિન્ન જાતિ સમૂહોને જૂથબંધ કરીને જાતજાતનાં સમીકરણો બનાવી લીધાં છે. પ્રાદેશિક રાજકીય પક્ષો એવાં સમીકરણ બનાવવામાં માહેર હોય છે. ભલે જાતિઓના આધાર પર રાજનીતિ કરનારા પક્ષો સામાજિક ન્યાયની લડાઈ લડવાનો દાવો કરી રહ્યા હોય, પરંતુ સત્ય એ છે કે તેઓ જાતિના આધાર પર લોકોનું ધ્રુવીકરણ કરે છે અને ચૂંટણી સમયે તેમનો લાભ ઉઠાવે છે. આ પ્રકારની રાજનીતિ માત્ર સમાજમાં ભાગલા પાડવાનું કામ કરે છે, બલ્કે કેટલીય વખત વિભિન્ન જાતિઓ વચ્ચે વૈમનસ્ય પણ પેદા કરે છે. કહેવું મુશ્કેલ છે કે બિહારમાં જે જાતિગત ગણના થઈ રહી છે, તેનાથી કેવાં પરિણામ મળશે અને કેવા પ્રભાવ પડશે, પરંતુ એ તથ્યને ઓઝલ ન કરી શકાય કે બિહાર જાતિવાદી રાજનીતિ માટે કુખ્યાત રહ્યું છે. એક સમયે અહીં જાતિ આધારિત હથિયારબંધ સંગઠનો ઊભાં કરવામાં આવ્યાં હતાં, જેમને જાતિ વિશેષની ખાનગી સેનાઓ રૂપે ઓળખવામાં આવતાં. સ્પષ્ટ છે કે જાતિગત જનગણનાના આંકડાનો ઉપયોગ જાતિવાદી રાજકારણ માટે ન થવા દેવો જોઈએ.

# પાકિસ્તાનમાં ભૂખમરાની સ્થિતિ, લોકો લોટ માટે તડપે છે

ઈસ્લામાબાદ,તા.૧૦

જો તમે લોટ ન આપી શકો તો અમારી ઉપર ગાડી ચલાવો, અમને મારી નાખો, આવા નિવેદનો એવા દેશમાંથી નથી આવી રહ્યા જ્યાં દુકાળ પડ્યો હોય અને લોકો ભૂખમરાની આરે પહોંચી ગયા હોય, પરંતુ આતંકને પોષનારા પાકિસ્તાનના લોકો બોલી રહ્યા છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે લોકો આત્મહત્યાની વાતો કરી રહ્યા છે. ૧૦ કિલો લોટની થેલીની કિંમત ૩૧૦૦ રૂપિયા છે. સોશિયલ મીડિયા પર આવા ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં લોકો લાંબી કતારોમાં લાગેલા છે અને લોકો લોટ માટે તરસી રહ્યા છે. જો લોટ નહીં મળે તો આ લોકો આત્મહત્યાની ધમકી આપી રહ્યા છે.

વિદેશી પૈસાથી ચાલતા પાકિસ્તાને હંમેશા આતંકવાદને સમર્થન આપ્યું છે. તેણે આતંકવાદનો ભારત વિરૂદ્ધ ઘણો ઉપયોગ કર્યો છે. મુંબઈમાં થયેલા બોમ્બ બ્લાસ્ટથી લઈને સંસદ પરના હુમલા સુધી પાકિસ્તાન સાથે તેનો સીધો સંબંધ જોવા મળ્યો છે. અહીંની સરકારોએ માત્ર આતંકવાદ પર પોતાનું ધ્યાન આપ્યું અને પોતાના દેશના વિકાસની અવગણના કરી. આનું પરિણામ એ આવે છે કે પાકિસ્તાનમાં ક્યારેક લોટ તો ક્યારેક ટામેટાં અને ડુંગળીની તંગી સર્જાય છે.માત્ર કહેવા પુરતી લોકશાહી ધરાવતા આ દેશમાં લોકો જેને ઈચ્છે તેને પસંદ કરી શકે છે, પરંતુ સરકાર સેનાથી ચાલે છે. જ્યારે ઈમરાન ખાને આ પરંપરાને બદલવાની કોશિશ કરી તો તેમને પણ પદ પરથી હટાવી દેવામાં આવ્યા. પરંતુ ઈમરાન ખાન કદાચ આ ભૂલી ગયા હતા, તેઓ પણ સેનાના કારણે સિંહાસન પર બેઠા હતા.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં લોકો રડી અને કગીરી રહ્યા છે . લોકોને ઘણા દિવસોથી લોટ મળ્યો નથી. લોટના ભાવ આસમાને છે. એક વીડિયોમાં એક પોલીસકર્મી હાથમાં એકે-૪૭ લઈને લોટની થેલીઓની સુરક્ષા કરી રહ્યો છે.

તાજેતરમાં જ શરીફ કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં આર્થિક સ્થિતિ સુધારવા માટે સૌપ્રથમ ઉર્જા સંરક્ષણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠક ખુલ્લા આકાશ નીચે સૂર્ય પ્રકાસમાં યોજાઈ હતી. આ સિવાય પાકિસ્તાનના તમામ મોલ, રેસ્ટોરન્ટ, મેરેજ હોલ સમય પહેલા બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી. ઓફિસનું કામ ઘરેથી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.


## ગો ફેસ્ટિવલ

જય શ્રી કૃષ્ણ.. સર્વે વૈષ્ણવોને ખાસ જણાવવાનું કે ઉતરાયણ ના પવિત્ર પર્વ નિમિત્તે શ્રી ભાગવત વિદ્યાપીઠ. સોલા, ખાતે જે આશરે ૩૦૦ ગાયો છે તેનું પૂજન વિગેરે અને ગૌ દાન વિગેરેનો કાર્યક્રમ દર વર્ષે થાય છે ..આ વર્ષે આ ભવ્ય કાર્યક્રમ ત્રણ દિવસ એટલે કે ૧૩, ૧૪ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ દરમયાન ઉજવવામાં આવશે. ત્રણ દિવસ દરમિયાન સંસ્થામાં આશરે એક લાખ કરતાં વધારે વૈષ્ણવો પધારે છે .અને વિવિધ ગૌસેવામાં ભાગ લે છે.

આ ઉત્સવ દરમિયાન અમારી સંસ્થાના મેન ગેટ ઉપર એક ભવ્ય બેનર, ઉત્સવની જગ્યા પર, સ્પોનસરોની એડવર્ટાઈઝમેન્ટ મૂકવાનું આયોજન કરીએ છીએ, જેમાં આપ શ્રીની પ્રોડક્ટ અને સંસ્થાની જાહેરાત આપ કરી શકો છો. અને તે દ્વારા સંસ્થાને આર્થિક સહાય પણ કરી શકો છો.. તે અંગેનું ડ્રોઈંગ આ સાથે મુકેલ છે.. જેમાં આશરે માપ સાઈઝ બતાવેલ છે.. તો આ અંગે યોગ્ય સહાય કરશો તેવી વિનંતી.. જય શ્રી કૃષ્ણ.

સંપર્ક સૂત્ર

મો. ૯૧ ૯૯૨૫૦ ૩૧૨૬૨


# “મામા કલીન બોલ્ડ !!! આગામી ચૂંટણીનો સંકેત!!” રાજુ રદીનો વર્તારો!!!

મામા બોલીએ એટલે ચાંદામામા યાદ આવ્યા વગર રહે જ નહીં. ચાંદામામા પરિણીત છે કે અપરિણીત છે, ચાંદીમામાવાળી મામીનું નામ શું છે? ચાંદામામાનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ એટલે કે પીડીએસનું રેશનિંગ કાર્ડ છે કેમ અને જો કાર્ડ છે તો બીપીએલ છે કે એપીએલ તે પ્રશ્નો અનુત્તર છે. આ સવાલો સાહેબના ચા વાળા દાવા જેટલા રસપ્રદ અને વિવાદાસ્પદ છે!!! ચાંદામામા પાસે રેશનિંગ કાર્ડ છે પણ ચાંદામામા દીન દયાળ ગ્રાહક ભંડારે જઈ રેશનિંગનું અનાજ સઈ જતા ન હોય તો અનાજ કોણે સગેવગે કર્યું તેની એફબીઆઈ, મોસાજ કે ચીઆઈએ જેવી નામી એજન્સી પાસે તપાસ કરાવી જોઈએ!! ચાંદામામા ખરેખર મામા છે વર્ચ્યુઅલ છે?? દુનિયાની દરેક સ્ત્રીનો ભાઈ ચાંદીમામા શી રીતે થઈ શકે તે પણ સંશોધનનો વિષય છે.

આપણે ત્યાં ન મામા કરતા કહેણો કે કાણો મામો શું ખોટો એવું સમાધાન કારી અને વાસ્તવિક દર્શન-મિમાંસા છે!! મામાનું ઘર કેટલે? આવા સવાલનો જવાબ દીવો બળે એટલે આપવામાં આવે છે. મોસાળ એ વેકેશનનું ડ્રીમલેન્ડ છે. આપણે ઈચ્છા પૂરી કરવા અલાઉદીનનો ચિરાગ ઘસવો પડે. પછી અલાઉદીન માંગણી પૂરી કરે. મામા અલાઉદીન કરતાં એક કદમ આગળ હોય છે!’ભાણા કે ભાણીના ઈચ્છા ટેલિપથીથી જાણી લે છે અને પળના વિલંબ વિના પૂરી કરે છે. જેને મામા ન હોય તે તે વ્યક્તિ કેટલા મોટા અભિશાપનો શિકાર બન્યો છે તેનું મૂલ્યાંકન ન થઈ શકે!!

ઈતિહાસમાં મામા કંસ તેની કુરતા માટે જાણીતો છે.કૃષ્ણ દોષ એ તેની મનગમતી પ્રવૃતિ છે!! શકુનિ મામા આયાતી છે. તે ગાંધારથી ગાંધારી સાથે આવેલ કરિયાવર છે.શકુનિ મામાએ ભાણિયાઓને સંસ્કારી કે ખાનદાની બનાવવાના બદલે કપટી બનાવે છે!!શકુની તર્કસંગત કે નખશીખ સજ્જન બનાવવાના બદલે જુગટું રમાડવાનું બીડું ઝડપેલ હતું!!!સામા પક્ષે સુભદ્રાના સંતાનો માટે ભગવાન કૃષ્ણ મામા હતા!! પાંડવો અને ભગવાન કૃષ્ણ મામા-ફઈના સંતાનો હતા!!

જવાહરલાલ નહેરું બાળકોના ચાચા કહેવામાં આવતા હતા. દરબાર ગોપાળદાસને ડુંગળીચોર કરેવામાં આવતા હતા. સરોજિની નાયડુને બુલબુલ કહેવામાં આવતા હતા. પરંતુ, કોઈ મામા તરીકે ઓળખાતું નથી!!

કોઈને મામા કહેવું એ તેના માટે ગાળ સમાન છે. કેમ કે તમે તેને આડક્તરી રીતે તમારો સાળો બનાવો છે. સૌને બનેવી, જીજા બનવું છે, પણ કોઈને કોઈના સાળા બનવું ગમતું નથી. કોઈ આપણને છેતરવા ઈચ્છતો હોય તેને આપણે મોંઢા પર કહીએ છીએ કે કોને મામા બનાવે છે?? સાળા-બનેવીનો સંબંધ એ દોરડા પર ચાલવા જેટલો ખતરનાક અને દિલધડક હોય છે. જેમાં સંગીતના આરોહ-અવરોહની જેમ ચડાવ-ઉતાર, તડકી-છાંયડી હોય છે. કેમ કે બનેવી અકડું રહે. સાળો સબમિસિવ રહે તેવી બનેવીની ઈચ્છા હોય છે!!

સંપતિની વહેંચણી ન થાય, પારિવારિક સંબંધો દ્રઢ થાય તે માટે કેટલીક જ્ઞાતિમાં મામા-ફઈના સંતાનો સાથે લગ્ન કરવામાં આવે છે. મુસ્લિમોમાં પણ આવો રિવાજ છે. આ પ્રકારના લગ્નો સમસ્યા પણ સર્જે છે. પરિણામે ગધેડી અને ફાળિયું બંને ગુમાવવાની નોબત આવે છે!!

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ પણ મામા તરીકે ઓળખાય છે. શિવરાજસિંહ જમીનથી જોડાયેલા ડિપ્લોમેટ છે. ભોપાલના રિક્ષાવાળા કે સામાન્ય લોકો તેના વખાણ કરતાં થાકતા નથી. લોકોએ શિવરાજસિંહને ભોપાલના ગલીઓમાં સાયકલ કે સ્કૂટર ચલાવતા જોયા છે. વ્યાપમના વાવાઝોડાથી તેમની ખુરશીના પાયા હલી ગયેલા. જો કે, ફિનિક્સ પંખીની જેમ પુનર્જીવિત થયા!!

આપણે ત્યાં રમતના એસોસિયેશન પણ મોટી માયા છે. ખેલ અને ખેલાડીના સર્વાંગ સંપૂર્ણ વિકાસ માટેના એસોસિએશનો રાજકારણનો અડો બની ચૂક્યા છે. જેમણે જીવનમાં બેટ પકડ્યું ન હોય બેટની સાઈઝ કે બોલનું વજન ખબર ન હોય તેવા કેટલાય લોકો ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ કે મંત્રી બની બેઠા છે. અદાલતમાં બીસીસીઆઈના કેસમાં ત્યાં સુધી કહેવાયેલ કે વિદેશમાં ભારતની ક્રિકેટ ટીમ નહીં પણ બીસીસીઆઈની ક્રિકેટ ટીમ દેશનું પ્રતિનિધિત્વ કરે છે! હોકી, ટેબલ ટેનિસ , આઈઓસીના કબાટમાં આ પ્રકારના હાડપિંજરો સચવાયેલ છે!!

આપણા નેતાઓ ક્યારેક રમત પર હાથ અજમાવી લે છે. વીરુના નામે જાણીતા એટલે વિરેન્દ્ર સહેવાગ નહીં પણ વિજય રૂપાણી .વીરૂ કહેતા કે હું ટેસ્ટ કે વન ડે રમતો નથી પરંતુ,ટવેન્ટી ટવેન્ટી મેચ રમું છું. એ પણ અડધી પીચે. એ તો સારું છે, નહીંતર રૂપાણી સાહેબ નોન સ્ટ્રાઈકકર એન્ડ પર બેટ લઈને પહોંચી જાય અને બોલર દડો ફેંકે તે પહેલાં જ વિકાસની સિકસર મારી લે!! કદાચ અડધી પીચે પહોંચવાના કારણે ડબલ કે ત્રિપલ સેન્ચુરી મારે તે પહેલાં સ્ટમ્પ આઉટ કે રન આઉટ થઈ ગયા!!જેવા જેના નસીબ.

રણજી ટ્રોફી ૨૦૨૨ની સેમી ફાઈનલ મેચ બંગાળનો મુકાબલો મધ્ય પ્રદેશ સાથે થયેલો. સેમીફાઈનલ મેચમાં મધ્યપ્રદેશ વિરુદ્ધ મનોજ તિવારીએ શાનદારી સદી ફટકારી છે .જોકે, આ સદી એવા સમયે ફટકારી છે જ્યારે ટીમ સંકટમાં ફસાયી હતી. ફર્સ્ટ ક્લાસમાં ક્રિકેટમાં તેની આ ૨૯મી સેન્ચુરી હતી. ભારત તરફથી ૧૨ વન ડે અને ૩ ટવેન્ટી ટવેન્ટી મેચ રમી ચુકયો છે!!તમને એ જાણીને આશ્ચર્ય થશે કે મનોજ તિવારી પ. બંગાળ વિધાનસભાના માનનીય વિધાયક છે. મનોજ તિવારી પાછા મમતા સરકારમાં ખરા અર્થમાં રમત ગમત મંત્રી પણ છે. રમતગમત ખાતાના મંત્રી હોય અને રણજી ટ્રોફી જેવી સ્પર્ધામાં ભાગ લેતા હોય તેવો ભારતનો કદાચ પહેલો બનાવ છે!! બંગાળની ટીમે રણજી કવાર્ટર ફાઈનલ મેચમાં રણજી ટ્રોફીમાં ક્રિઝ પરના તમામ નવ ખેલાડીએ ૫૦ પ્લસ રન બનાવેલા. પ. બંગાળના રમતગમત મંત્રી મનોજ તિવારીએ અડધી સદી ફટકારેલી!! તે બંગાળની ક્રિકેટ આલમમાં છોટે દાદા તરીકે જાણીતા છે. !!

એક તરફ મંત્રી મનોજ તિવારી છે અને એક તરફ” રિંક્યા કે પાપા “ગીત વાળા મનોજ તિવારી પણ છે. જે ફેંકવામાં સેન્ચુરી પર સેન્ચુરી પર ફટકારે છે!!!રમતમાંથી ઘણા ખેલાડી રાજકારણી બન્યા છે. ,પણ રાજકારણ સાથે રમત એમ બે તોફાની અશ્વો પર સફળતાથી સવાર થનાર એક માત્ર મનોજ તિવારી છે!!

હમણા મધ્યપ્રદેશના મામાશ્રી એક ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન કરવા ગયેલા. તે પહેલા કે પછી બેટીંગ પર હાથ અજમાવવા બેટ લઈને ક્રિઝ પર ઉતરેલા. બોલરે દડો ફેંકયો. મામાએ પોઝીશન લઈ સિકસર ફટકારવા બેટ વિંઝ્યું. હાય રે કિસ્મત! બોલ બેટની ભાષા, ઈશારા, લિપિ , અંગિમા, ભંગિમા ન સમજી શકયો. હિન્દી કોમેન્ટન્ચર સુશીલ દોશીની ભાષામાં બલ્લે ઔર ગેંગ કા સંગમ હો ન શકા. ઔર મામા કલિન બોલ્ડ હો ગયે. મામા કો જોર કા જટકા ધીરે સે લગા!!

વાંકદેખો રાજુ રદી ગાઈ વગાડીને કહે છે કે આઘટન્ આગામી ચૂંટણીનો સંકેત છે!!આપણે બોયા નહીં ને ચાયા નહીં. નો કોમેન્ટસ!!!

ભરત વૈષ્ણવ....૧૦.૧.૨૦૨૩.

# મિત્રતા - અલ્પા શાહ




**આપણી જિંદગીના કેન્વાસમાં સ્વયં ખૂટતા રંગો બની પૂરાઈ જાય અને આપણું ચિત્ર પૂરું કરે એ મિત્ર.**

મારા મતે આ છે મિત્રની વ્યાખ્યા. મિત્ર, જે તમને તમારી ખુદની સાથે ઓળખાણ કરાવે, તમે જેવા છો તેવા સ્વીકારીને કોઈ પણ અપેક્ષા વગર તમારી સાથે માત્ર લાગણીના તાંતણે જોડાયેલ હોય, જેનો હાથ પકડીને ભરબપોરે ખડખડાટ હસી શકો અને અડધી રાત્રે ધ્રુસકે ને ધ્રુસકે રડી પણ શકો.જેની સાથે વાત કરવા કોઈ શબ્દો ગોઠવવાની જરૂર ન પડે...આવું તો કેટકેટલું લખી શકાય મિત્ર અને મિત્રતા માટે. મિત્રતા જેવા વિષયને શબ્દ અવધિમાં બાંધવો એટલે ગાગરમાં સાગરનો સમાવેશ કરવા જેવું કપરું કામ.

મિત્રોના પણ પાછા અનેક પ્રકાર હોય - કોઈક તાળી મિત્ર હોય, કોઈક થાળી મિત્ર હોય તો કોઈક ખાલી નામનાં મિત્ર હોય તો કોઈક વળી વ્હાલનાં સરનામાં જેવાં સાચા મિત્ર હોય જે છેવટ સુધી મિત્રતા નિભાવી જાણે .

મિત્રતાની વાત કરીએ મહાભારતના યુદ્ધના બે મિત્રો યાદ આવે. એક સૂર્યપુત્ર કર્ણ અને બીજાં ભગવાન શ્રી કૃષ્ણ.

કર્ણ ,દુર્યોધનનો પરમ મિત્ર, એનો પડ્યો બોલ ઝીલનારો મિત્ર, એને માટે પોતાનાં પ્રાણ ત્યાગી બતાવે એવો મિત્ર, જેનાં મનમાં મિત્રતાનું પલ્લું ધર્મના પલ્લાં કરતા વધુ નમેલું હતું એવો મિત્ર . તેથી જ અધર્મના માર્ગે જઈ રહેલા મિત્રને રોકવાને બદલે એક સાચો મિત્ર બની તેની પડખે ઊભો રહ્યો અને છેલ્લાં શ્વાસ સુધી તેની સાથે રહ્યો. કર્ણે જે કર્યું તે સાચું કર્યું કે નહિ તેની ચર્ચા અહીં અસ્થાને છે પણ હું એટલું તો જરૂર કહીશ કે મિત્રતાની કસોટીની એરણ પર તો કર્ણ ચોક્કસ પાર ઊતર્યો.

ભગવાન શ્રી કૃષ્ણે તો મહાભારતમાં બે-બે વાર મિત્રતાની મશાલને પ્રજ્વલિત કરી. શ્રી કૃષ્ણ અને દ્રૌપદી - બંને વચ્ચે સખ્યપણું.ભલે સ્ત્રી અને પુરુષ , પણ બંને વચ્ચે નિર્દોષ મિત્રતાના સ્નેહની સરવાણી વહે. ક્યાંય કોઈ અશ્લીલતાને સ્થાન નહિ.કહેવાય છે કે દ્રૌપદી પોતાનાં દિલની બધી વાત સખા શ્રી કૃષ્ણને કરતા.શ્રી કૃષ્ણ પણ ધીરજથી એમને સાંભળતાં.બેઉ મિત્રતાના નિર્દોષ પ્રેમના તાંતણે બંધાયેલ અને એટલે જ ચીરહરણ વખતે જ્યારે કોઈ તેમની મદદે ના આવ્યું ત્યારે " हे कृष्ण यादव हे सखेति" નો પોકાર કર્યો અને ક્ષણનો ય વિલંબ કર્યા વગર તેમના સખાએ પધારી તેમની લાજની રક્ષા કરી.

શ્રી કૃષ્ણ અને અર્જુનની મિત્રતા તો જગજાહેર છે. મહાભારતમાં શ્રી કૃષ્ણ, પૂર્ણ પુરુષોત્તમ મિત્રતા ખાતર સ્વયં સારથિ બન્યાં અને અર્જુનનો રથ હાંક્યો. યુદ્ધ કરવા માટે જેના ગાત્રો શિથિલ થતાં હતાં એવાં અર્જુનને ધીરજપૂર્વક, સમજાવટથી તેનાં દરેક સંશય દૂર કરીને ભગવદ્ ગીતા દ્વારા યુદ્ધ માટે તૈયાર કર્યો અને એટલું જ નહિ, યુદ્ધ પૂરું થયું ત્યારે પહેલા અર્જુનને રથમાંથી ઉતાર્યો અને પછી પોતે ઊતર્યાં (અને બીજી જ ક્ષણે રથ ભસ્મીભૂત થઈ ગયો)... આમ શ્રી કૃષ્ણે મહાભારતમાં પોતે એક આદર્શ મિત્ર બનીને મિત્રતાની મિસાલ આપી.

મિત્રતાનો સબંધ , ફક્ત પૂર્વનિર્મિત ઋણાનુબંધના આધારે રચાયેલો સબંધ જ્યાં અપેક્ષા અને લેવડ-દેવડને કોઈ સ્થાન નથી. જીવનમાં સારા અને સાચા મિત્રોનું હોવું એ એક અહોભાગ્ય છે.

ઈશ્વરકૃપાથી એ બાબતે હું ખૂબ ભાગ્યશાળી છું.

સારા અને સાચા મિત્રો જીવનની દશા અને દિશાને સાચી બાજુ ફેરવી શકે છે (આનું વિરુદ્ધ પણ એટલું જ સાચું છે) ભક્તિના નવ પગથિયાંમાં આઠમું પગથિયું એટલે મિત્રતા અર્થાત્ ‘સખ્ય,‘ સ્વયં પરમાત્મા જીવને કહે છે કે તું મારો સખા બન અને મિત્રતાનો સબંધ પ્રસ્થાપિત કર.....

હવે આનાથી વધારે પવિત્રતાનો માપદંડ શું હોય? મિત્રતાના આ પવિત્ર સંબંધને નતમસ્તક વંદન અને મારા સૌ મિત્રોને વહાલ સાથે વિરમું છું.

અલ્પા શાહ ( કેલિફોર્નિયા )

# જામનગરમાં રશિયાની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

જામનગર,તા.૧૦

જામનગર એરપોર્ટ પર મોસ્કોથી ગોવા જતા વિમાનમાં બોમ્બ હોવાની શંકાને લઈ તપાસનો ધમધમાટ ચાલ્યો હતો સતત ૯ કલાકથી સુરક્ષા એજન્સીઓ વિમાનમાં દરેક વસ્તુનું જીણવટભર્યુંચેકિંગ કરી છેએનએજીએસ જામનગર, રાજકોટ, મોરબી સહિતની બોમ્બ સ્કવોડ અને ગુજરાત એટીએસ પણ તપાસમાં જોડાઈ હતી. સતત નવ કલાક સુધી વિમાન અને મુસાફરોના સામાનનું ચેકિંગ કરવામાં આવ્યું. વિમાનમાં સવાર તમામ ૨૩૬ મુસાફરો અને ૮ ક્રૂમેમ્બરને દૂર સુરક્ષિત રાખી ચેકિંગ કરવામાં આવ્યું હતું. જો કે સતત ૯ કલાકના ચેકિંગ બાદ કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. મુસાફરોને ગોવા મોકલવા માટે સુરક્ષા એજન્સીના ક્લિયરન્સ બાદ ફ્લાઈટને રવાના કરવામાં આવ્યું હતું

ખપી ગયા!!
એમના રૂપની રોશનીમાં,
કેટકેટલા આગિયા બળ્યા!
એમના આંખના ઊંડાણમાં,
કેટકેટલા અભાગિયા ડુબ્યા!
એમના અવાજના આકર્ષણમાં,
કેટકેટલા ઉલાળિયા ઓગળ્યા!!
એમના સહવાસની કલ્પનામાં ,
કેટકેટલા પાળિયા થઈ ખોડાયા.
એમને પામવા હડાહડ હોડ મચી,
કેટકેટલા ખોળિયા ખપી ગયા!!
એ ચુલબુલી જુલિયેટ થઈ ગઈ,
કેટકેટલા રોમિયો ખડા થઈ ગયા!!
ભરત વૈષ્ણવ
૧૦.૧.૨૦૨૩.# કાવ્ય

# આઈસીઆઈસીના ભૂતપૂર્વ સીઈઓ ચંદા કોચર અને તેના પતિ જેલમાંથી મુક્ત,જામીન મંજૂર



મુંબઈ,તા.૧૦

આઈસીઆઈસીના ભૂતપૂર્વ સીઈઓ ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચરને મની લોન્ડરિંગ કેસમાં મંગળવારે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.આઈસીઆઈસી બેંક વિડિયોકોન લોન ફ્રોડ કેસમાં જેલમાં બંધ આઈસીઆઈસી બેંકના ભૂતપૂર્વ સીબીઆઈ ચંદા કોચરને ભાયખલા જેલમાંથી અને તેમના પતિ દીપક કોચરને આર્થર રોડ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. કોચરને સોમવારે આ કેસમાં વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. ધરપકડને “બેદરકારી” અને વિચારવિહીન બનાવવા બદલ કોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. સીબીઆઈએ વિડિયોકોન-આઈસીઆઈસીઆઈ બેંક લોન ફ્રોડ કેસમાં ૨૩ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ કોચર દંપતીની ધરપકડ કરી હતી.

બંનેએ પોતાની ધરપકડને ગેરકાયદેસર અને મનસ્વી ગણાવીને હાઈકોર્ટમાં પડકારી હતી. બંનેએ વચગાળાના આદેશ દ્વારા જામીન પર મુક્ત થવા વિનંતી કરી હતી. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પી.કે. ચવ્હાણની ડિવિઝન બેન્ચે તેના ૪૯ પાનાના ચુકાદામાં કહ્યું હતું કે તેમની ધરપકડ કાયદાની જોગવાઈઓ અનુસાર નથી. કોર્ટે કહ્યું કે અરજદારો અરજીઓની સુનાવણી અને અંતિમ નિકાલ સુધી જામીન પર મુક્ત થવા માટે હકદાર છે. હાઈકોર્ટે અરજીઓની સુનાવણી માટે ૬ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે.

કોર્ટે કહ્યું કે, હાલના કેસમાં ધરપકડનો આધાર માત્ર અસહકાર અને સંપૂર્ણ સાચી માહિતી ન આપવા માટે કહેવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કોચરની ધરપકડ ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૪૧એનું ઉલ્લંઘન છે, જે સંબંધિત પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા માટે નોટિસ મોકલવાનું ફરજિયાત છે. કોર્ટે કહ્યું કે તથ્યો મુજબ, અરજદારો (કોચરો) ની ધરપકડ કાયદાની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી નથી. કલમ ૪૧નું પાલન કરવામાં આવ્યું નથી અને તેથી તે મુક્ત થવા માટે હકદાર છે. કોર્ટે કહ્યું કે કાયદાની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી નથી.

કોર્ટે આદેશમાં કહ્યું કે કોઈ કેસમાં ધરપકડ કરવાનો અધિકાર ત્યારે જ છે જ્યારે તપાસ અધિકારી પાસે એવું માનવાનું કારણ હોય કે ધરપકડ જરૂરી છે અને વ્યક્તિએ ગુનો કર્યો છે. તેમણે કહ્યું કે વિશ્વાસ સારા વિચાર પર આધારિત હોવો જોઈએ અને બેદરકારી કે માત્ર શંકાના આધારે નહીં. આ માન્યતા અધિકૃત સામગ્રી પર આધારિત હોવી જોઈએ અને ધરપકડ અંગે કોઈ નિર્ણય મનસ્વી રીતે લઈ શકાય નહીં. ખંડપીઠે કહ્યું કે અરજદારોની ધરપકડ કરવા માટેના મેમોરેન્ડમમાં ઉલ્લેખિત આધારો અસ્વીકાર્ય છે અને તે આધારો અથવા કારણોનો વિરોધાભાસ કરે છે જેના આધારે વ્યક્તિની ધરપકડ કરી શકાય છે.

બેન્ચે નોંધ્યું હતું કે વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતા આપણા બંધારણ હેઠળ એક મહત્વપૂર્ણ પાસું છે. બેન્ચે નોંધ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૭માં સીબીઆઈએ કેસ નોંધ્યા બાદ કોચર માત્ર એજન્સી સમક્ષ હાજર થયા નથી, પરંતુ તમામ દસ્તાવેજો અને વિગતો પણ રજૂ કર્યા છે અને તપાસમાં સહકાર આપ્યો છે.

કોર્ટે નોંધ્યું હતું કે ૨૦૧૯ થી જૂન ૨૦૨૨ સુધી, લગભગ ચાર વર્ષ સુધી, ન તો અરજદારોને કોઈ સમન્સ જાહેર કરવામાં આવ્યું હતું અને ન તો સીબીઆઈએ અરજદારો સાથે કોઈ સંપર્ક સ્થાપિત કર્યો. ચુકાદા મુજબ, ધરપકડ મેમોમાં ચાર વર્ષ પછી અરજદારોની ધરપકડ કરવાનું કારણ સમજાવવામાં આવ્યું નથી. બેંચે કહ્યું કે વિશેષ સીબીઆઈ કોર્ટે કોચર દંપતીના રિમાન્ડની સુનાવણી કરતી વખતે કાયદાને ધ્યાનમાં રાખ્યો ન હતો. તેમણે કહ્યું કે જો કાયદાની જોગવાઈઓનું પાલન કરવામાં નહીં આવે તો કોર્ટ આરોપીઓને તાત્કાલિક મુક્ત કરવા બંધાયેલ છે.

# રાજકોટથી નેપાળ જતી ખાનગી બસને યુપીમાં અકસ્માત, ૫નાં મોત : ૨૦ને ઈજા

આગ્રા,તા.૧૦

રાજકોટથી નેપાળ જવા શનિવારે નીકળેલી સ્લિપર કોચ બસ ઉત્તરપ્રદેશના આગ્રા એક્સપ્રેસ હાઈવે પર પહોંચી હતી ત્યારે બંધ ઊભેલી ટ્રક પાછળ બસ ઘૂસી જતાં ચાર નેપાળી અને એક બસચાલક સહિત પાંચના સ્થળ પર જ મૃત્યુ થયા હતા, જ્યારે ૨૦ મુસાફરને ઈજા થતાં લખનૌ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ઘટનાથી નેપાળી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.નેપાળના વતની અને રાજકોટ તથા રાજકોટની આસપાસના વિસ્તારોમાં રહી નોકરી-ધંધો કરતા નેપાળી લોકોને વતનમાં જવા માટે દર મહિને માધાપર ચોકડીથી ખાનગી ટ્રાવેલ્સની એક સ્લિપર કોચ બસ ઉપડે છે, આ બસનું સંચાલન નાનામવા રોડ પરના પંચશીલ એપાર્ટમેન્ટના ચોકીદારના રૂમમાં રહેતા ચંદર સાઉદ કરે છે.

# વિશ્વ શાંતિ કેન્દ્ર પરથી અહિંસા, શાંતિ અને સદભાવનાનો સંદેશ પ્રસારિત થશે - આચાર્ય લોકેશજી

## દરેક વ્યક્તિ ભારતનાં પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રમાં સૌ જોડાય - અભય શ્રીશ્રીમલ, પ્રમુખ જીતો એપેક્સ

## વર્લ્ડ પીસ સેન્ટરનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ થશે - સામાજિક કાર્યકર મદન જિંદાલ



વિશ્વ શાંતિ દૂત જૈનાચાર્ય ડૉ. લોકેશજી દ્વારા સ્થાપિત 'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થા, ગુરુગ્રામમાં ભારતનું પ્રથમ 'વર્લ્ડ પીસ સેન્ટર' સ્થાપવા જઈ રહી છે.

આ માટે સંસ્થાને હરિયાણા સરકાર દ્વારા દિલ્હી-જયપુર હાઈવેને અડીને આવેલા ગુરુગ્રામનાં સેક્ટર ૩૯માં એક પ્લોટ ફાળવવામાં આવ્યો છે, જ્યાં કેન્દ્રનું નિર્માણ કાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે. આજે વિશ્વશાંતિ કેન્દ્રનાં સ્થાપક આચાર્ય ડૉ.લોકેશજી, અધ્યક્ષ અભયકુમાર શ્રીશ્રીમલ, જાણીતા સામાજિક કાર્યકર અને ઉદ્યોગપતિ શ્રી મદન જિંદાલજીએ સ્થળ પર બાંધકામની કામગીરીની સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે ગુરુગ્રામમાં સ્થાપિત થનારા ભારતનાં પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નું ભૂમિપૂજન યોગ ઋષિ સ્વામી રામદેવજી અને અનેક વરિષ્ઠ સંતોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. વિશ્વ શાંતિ દૂત જૈનાચાર્ય ડૉ.લોકેશજીએ જણાવ્યું હતું કે ગુરુગ્રામમાં સ્થપાઈ રહેલું ભારતનું પ્રથમ 'વર્લ્ડ પીસ સેન્ટર' વ્યક્તિત્વ વિકાસ માટે વિશ્વ કક્ષાનું મુખ્ય કેન્દ્ર હશે, જ્યાં ધ્યાન, યોગ, ભારતીય પર આધારિત વૈજ્ઞાનિક કાર્યક્રમો દ્વારા યુવાનોનો વ્યક્તિત્વ વિકાસ કરવામાં આવશે. સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી, મહિલા સશક્તિકરણનાં વિવિધ આયામો અને બાળકોનાં સંસ્કૃતિ નિર્માણનું પણ સંચાલન કરવામાં આવશે. આ કેન્દ્ર પરથી સમગ્ર વિશ્વમાં અહિંસા, શાંતિ અને સદ્ભાવનાનો સંદેશો પ્રસારિત કરવામાં આવશે.

જીતો એપેક્સનાં ચેરમેન અને વિશ્વ શાંતિ કેન્દ્રના અધ્યક્ષ શ્રી અભય કુમાર શ્રીશ્રીમલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કેન્દ્રનું બાંધકામ ૧૫ મહિનામાં પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે.

તેમણે કહ્યું કે 'વર્લ્ડ પીસ સેન્ટર' લોકોનાં માનસિક, ભાવનાત્મક અને ચારિત્ર્યનાં વિકાસ માટે સમર્પિત રહેશે અને દરેકને ભારતનાં પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર' સાથે જોડાવા અને સહકાર આપવા આહ્વાન કર્યું.

પ્રસિદ્ધ સામાજિક કાર્યકર અને ઉદ્યોગપતિ શ્રી મદન જિંદાલજીએ જણાવ્યું હતું કે 'વર્લ્ડ પીસ સેન્ટર' વિશ્વમાં શાંતિ અને સૌહાર્દની સ્થાપના માટે કામ કરશે. ગુરુગ્રામનું સૌભાગ્ય છે કે પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનનાં સમન્વયમાં તૈયાર કરાયેલ શાંતિ શિક્ષણ કાર્યક્રમો દરેક વર્ગના વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો, મહિલાઓ, ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો, વેપારીઓ, ખેડૂતો વગેરે માટે યોજવામાં આવશે સાથે જ તેમણે કહ્યું કે આ સેન્ટરથી ગુરુગ્રામનું નામ વિશ્વ મંચ પર પ્રસિદ્ધિ મેળવશે.

ચેન્નાઈના આર્કિટેક્ટ પ્રસન્ના રાજ જૈને જણાવ્યું કે તે પ્રાચીન અને આધુનિક આર્કિટેક્ચરનો સંગમ હશે. એનબી કન્સ્ટ્રક્શનના વડા ઓમબીર સિંહે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ૧૫ મહિનાનાં સમયગાળામાં પૂર્ણ થશે.

### ૧૨ જાન્યુઆરી, "રાષ્ટ્રીય યુવા દિવસ"

# જે દેશનો યુવાધન મજબૂત હોય, એ દેશનું ભવિષ્ય મજબૂત બને છે

**યુવા પેઢી, આધુનિક પેઢી એ દરેક સમસ્યાનો સામનો સિંહની જેમ કરશે એવી મારી શ્રદ્ધા છે – સ્વામી વિવેકાનંદ**



દર વર્ષે સ્વામી વિવેકાનંદનાં જન્મ દિવસને "યુવા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘનાં નિર્ણયાનુસાર ઈ.સ. ૧૯૮૫નાં વર્ષને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ ઘોષિત કરવામાં આવ્યું. આ ઘટનાનો મહત્ત્વનો વિચાર કરતાં ભારત સરકાર તરફથી પણ ઘોષણા કરવામાં આવી કે ઈ. સ. ૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે યુવાનોનાં એક આદર્શ એવા સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવશે.તેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઈને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જ્યાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા-આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિશ્વવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે. યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. વર્તમાન સંજોગો જોતા રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણથી યુવાનોમાં એક વિશ્વાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજ્વલિત કરવામાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજના સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેરમાર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિશ્વનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવા માં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શક્તિને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. "રીયલ લાઈફ" અને "રીલ લાઈફ" એનું જ પરિણામ છે. જ્યારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યક્તિ જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઈ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે. આજનાં યુવાધન માટે સહનશક્તિ એ ક્યાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાતમાં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે. યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે.

યુવા પેઢી, આધુનિક પેઢી એ દરેક સમસ્યાનો સામનો સિંહની જેમ કરશે એવી મારી શ્રદ્ધા છે – સ્વામી વિવેકાનંદ

- મિત્તલ ખેતાણી

# ઉતરાયણ પર્વ નિમીતે ગઢડા મહાજન પાંજરાપોળ તથા ગૌશાળા ટ્રસ્ટને અનુદાન આપવા અપીલ

**૧૩૫ વર્ષથી જીવદયાની અવિરત પ્રવૃતિ કરી રહેલા હાલ સંસ્થામાં આશરે ૩૦૦૦ નિરાધાર પશુઓ શાતાકારી રીતે આશ્રય લઈ રહયાં છે**



ઉત્તરાયણ પર્વ નિમીતે ગઢડા મહાજન પાંજરાપોળ તથા ગૌશાળા ટ્રસ્ટને અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. આપના પરીવારમાં તથા સ્નેહીમિત્રોમાં ઉજવાતા કોઈપણ પ્રસંગ નિમીતે એકાદ પશુનો જીવનોત્સવ બનાવો અને અનંત આશીર્વાદનાં સદભાગી બનો. ઉતરાયણ જેવા પવિત્ર પર્વના ધર્મોત્સવમાં અનેક જીવોને પણ પોષણ બક્ષી પર્વોપાસનાને દયાના રંગથી મઢી દો.

૧૩૫ વર્ષથી જીવદયાની અવિરત પ્રવૃતિ કરી રહેલા હાલ સંસ્થામાં આશરે ૩૦૦૦ નિરાધાર પશુઓ શાતાકારી રીતે આશ્રય લઈ રહેલ છે. એક જ દિવસનો આશરે રૂા. ૧,૫૧,૦૦૦/- થી પણ વધારે ખર્ચ થાય છે. એક દિવસનાં ઘાસચારાની કાયમી તીથી યોજના રૂા. ૨૫,૧૧૧ રૂપીયા થાય છે.

પાંજરાપોળમાં પ્રતિ વર્ષ ઘાસચારા નિભાવ ખર્ચ–યોજના પ્રતિ વર્ષ એક દિવસનાં રૂા. ૧,૫૧,૦૦૧ ઘાસચારાનાં ખર્ચના ૩૬૫ દાતાશ્રીઓની આ કપરા સંજોગમાં જરૂર હોવાથી, દાતાશ્રીઓને એક દિવસનો ખર્ચ આપવા ગઢડા પાંજરાપોળની નમ્ર વિનંતી છે.

પ્રભુ જન્મ નરનારાયણ રૂપે વારંવાર લે છે, આપ અમારા માટે તેમાના એક પરમેશ્વર છો. અબોલ જીવોનાં આશીર્વાદ માથે હાથ મુકીને નથી મળતા, પરંતુ અંતરની દુઆ મૌન થઈને વિસ્તરે છે. અનુદાન આપવા માટે અમદાવાદ ઓફીસ: બળવંતભાઈ આર. શાહ (ગઢડાવાળા) (મો.૦૯૮૨૫૦ ૨૩૪૪૦), વિનુભાઈ સંઘરાજકા (૯૨૬૫૨ ૯૭૮૨૬), મુંબઈ ઓફીસ : મહેન્દ્રભાઈ આર. ડ ે લ ી વ ા ળ ા મો.૦૯૮૨૦૭૮૪૫૦૧, હરેશભાઈ (ઘાટકોપર) (મો.૯૩૨૩૯ ૬૦૩૯૩), બોમ્બે બ્રાંદ્રા/સુરત સંપર્ક : છગનભાઈ ડુંગરાણી (મો.૯૬૦૧૨ ૯૧૧૦૨), અશ્વિનભાઈ (આત્માનંદ જેમ્સ) (મો.૯૩૨૨૩ ૭૦૦૭૭), સુરત સંપર્ક ધનજીભાઈ ડુંગરાણી (મો.૯૬૦૧૨ ૯૧૧૦૩), બાબુભાઈ ગાબાણી (મો.૯૪૨૬૮, ૦૦૯૯૬), સવજીભાઈ (રામ) (મો.૯૮૭૯૫ ૧૮૩૯૬), રાજકોટ સંપર્ક : મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), રજનીભાઈ આર. દોશી (મો. ૯૪૨૬૯૩૦૭૭૬), મનોજ ડેલીવાળા (મો. ૯૮૨૪૧ ૧૪૪૩૭) પર સંપર્ક કરવા ગઢડા મહાજન પાંજરાપોળની યાદીમાં જણાવાયું છે.

બળવંતભાઈ આર. શાહ
શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ તથા ગૌશાળા ટ્રસ્ટ

# 'લુક એન્ડ લર્ન'નાં બાળકોને પક્ષીઓની કાળજી લેવા પ્રેરણા અપાઈ



સમગ્ર રાષ્ટ્રમાં દર વર્ષે મકરસંક્રાંતિનાં પવિત્ર દિવસે કાતીલ ચાઈનીઝ દોરાથી અનેક લોકોનાં ગળા કપાઈ જાય છે જેના લીધે રાષ્ટ્રમાં મૃત્યુ નિપજવાનાં ઘણા બનાવો બને છે તેમજ હજારો પક્ષીઓની પાંખ પણ કપાઈ જાય છે, મૃત્યુ પામે છે. પાંખ કપાઈ જવાથી કુદરતનાં ખોળે મુક્ત રીતે વિહરતા નિર્દોષ પક્ષીઓ આજીવન ઉડી શકતા નથી. ઘણા વર્ષોથી ચાઈનીઝ દોરાનાં વેંચાણ, સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ ચાઈનીઝ તુક્કલ, સ્કાય લાલટેન પર પણ પ્રતિબંધ મુકાય છે છતાં ઘણીવાર ખુલ્લેઆમ વેંચાણ અને સંગ્રહ થતો હોય છે. ચાઈનીઝ તુક્કલથી પણ આગનાં ઘણા બનાવો બન્યા છે જેના લીધે લોકોનાં જાનમાલને વ્યાપક પ્રમાણમાં નુકશાન થાય છે.

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્ર મુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલતા 'લુક એન્ડ લર્ન' બાળકો માટેનાં વર્ગોની મુલાકાત લેવામાં આવી હતી. મકરસંક્રાંતિનાં પર્વ પર બાળકોને પતંગનાં દોરાથી દુર રહી, પોતાનું વિશેષ ધ્યાન રાખવા, પતંગ પકડવા માટે રસ્તા પર ન દોડવું. આથી દુર્ઘટનાની સંભાવના વધી જાય છે, ચાયનીઝ દોરા, તુક્કલનો ઉપયોગ ન જ કરવો, પતંગ ઉડાડતી વખતે પક્ષીઓનું ધ્યાન રાખવું, સવારે ૧૦ વાગ્યા સુધી અને સાંજે ૪ વાગ્યા પછી પતંગ ન ઉડાડવી, કોઈ પક્ષી ઘવાયેલ અવસ્થામાં જોવા મળે તો ઘાયલ પક્ષીઓની સારવાર કરતી સંસ્થાઓનો સંપર્ક કરવો, ટુ વ્હીલર પર લોખંડનું ગાર્ડ લગાવી દેવું તેમજ હેલમેટ પહેરીને જ વાહન ચલાવવું જેવી વિવિધ કાળજી લેવા અંગે સમજાવવામાં આવ્યું હતું તેમજ પક્ષી રક્ષા અને જીવદયા અંગે વિવિધ સાહિત્ય પણ બાળકોને ભેટમાં અપાયું હતું.

# અમદાવાદ કોંગ્રેસમાં વિરોધના સૂરઃ એએમસીમાં વિપક્ષનેતા બદલવા ૧૦ કોર્પોરેટરોની ગુપ્ત બેઠક

અમદાવાદ,તા.૧૦

ગુજરાત કોંગ્રેસમાં અનેક વાર આંતરિક જુથવાદ સામે આવતો હોય છે. જોકે હાલમાં અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશના વિપક્ષ નેતા ની પસંદગીને લઈ ખાનગી બેઠકોનો દોર શરૂ થયો છે. વાત જાણે એમ છે કે, એએમસીના વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણની એક વર્ષની ટર્મ આવતીકાલે એટલે કે ૧૧ જાન્યુઆરીએ પૂર્ણ થઈ રહી છે. જેને લઈ હવે અમદાવાદ વિપક્ષ નેતા બદલવા માગ ઊભી થઈ છે. આ તરફ કોંગ્રેસના કોર્પોરેટરોની એક ખાનગી બેઠક પણ મળી હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશનની ૨૦૨૧માં ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપના ૧૬૦ અને કોંગ્રેસના ૨૪ કોર્પોરેટરો ચૂંટાઈને આવ્યા હતા. આ દરમ્યાન લાંબા સમય બાદ કોંગ્રેસ દ્વારા વિપક્ષ નેતા તરીકે દાણીલીમડાના કોર્પોરેટર શહેઝાદ પઠાણ ની જાહેરાત કરી હતી. જોકે એ વખતે પણ કોંગ્રેસના કોર્પોરેટરોમાં ભારે વિરોધ જોવા મળ્યો હતો. જે બાદમાં કોંગ્રેસના સિનિયર નેતાઓ અને નારાજ કોર્પોરેટરો વચ્ચે મિટિંગ યોજાઈ હતી. જેમાં વિપક્ષના નેતા તરીકે ૧-૧ વર્ષ માટે કોઈપણ કોર્પોરેટરને મૂકવામાં આવશે તેવી લેખિતમાં બાહેંધરી આપી હતી. વિપક્ષ નેતા તરીકે શહેઝાદ પઠાણ નું એક વર્ષ આવતીકાલે એટલે કે ૧૧ જાન્યુઆરીએ પૂર્ણ થશે.

જોકે હવે એએમસીમાં વિપક્ષ નેતા કોણ બનશે તેને લઈ અટકળોનો દોર શરૂ થયો છે. તો વળી આ તરફ નારાજ કોર્પોરેટરો ની પણ એક ગુપ્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજશ્રી કેસરી, નીરવ બક્ષી, હાજી મિર્ઝા, ઈકબાલ શેખ, કમળાબેન ચાવડા, કામિની બેન, ઝુલ્ફી માધુરી બેન કલાપી અને તાલીમ તિર્મિઝી સહિતના કોર્પોરેટરો હાજર રહ્યા હતા. મહત્વનું છે કે, જામનગરમાં કોંગ્રેસમાં પણ વિપક્ષ નેતા બદલાતા હવે અમદાવાદમાં પણ વિપક્ષ નેતા બદલવા માગ ઊભી થઈ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ જ્યારે શહેઝાદ પઠાણ ને વિપક્ષ નેતા બનાવવામાં આવ્યા ત્યારે પણ કોર્પોરેટરો એ તેમનો વિરોધ કર્યો હતો. જોકે હવે આવતીકાલે તેમની ટર્મ પૂરી થતું હોઈ હવે નવો વિપક્ષ ચહેરો કોણ હશે તે જોવાનું રહ્યું.

### ચાણસ્મા પોલીસ દ્વારા

# ઉતરાયણ ના તહેવારના અનુસંધાને વાહન ચાલકો ચાઈનીઝ દોરી થી બચી શકે તે માટે સ્ટેરિંગ ગાર્ડ લગાવવામાં આવ્યા



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ઉતરાયણ ના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પતંગ રશિયાઓ દ્વારા વિવિધ પ્રકારની દોરી નો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે સમગ્ર ભારત દેશમાં પ્રતિબંધિત ચાઈની જે દોરીથી થઈ ઈજાઓ ના કારણે ટુ વ્હીલર ચાલકો ને કંપેરી જાઓ થતા મોતને પણ ભેટતા હોય છે ત્યારે હવે ઉતરાયણના દિવસો નજીક હોય ચાણસ્મા પોલીસ દ્વારા ચાણસ્મા હાઈવે ચાર રસ્તા પર ટુ વિહલર ચાલકોને ચાઈનીઝ દોરી થી થતી ઈજાઓથી બચી શકે તે માટે સ્ટેરીંગ ગાડ લગાવવામાં આવ્યા હતા

પ્રાપ્ત વિગતો મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આજરોજ ચાણસ્મા પોલીસ મથકના પીઆઈ આર એમ વસાવાના માર્ગદર્શન હેઠળ આજરોજ સવારે ઉતરાયણના તહેવારના અનુસંધાને ટુ વ્હીલર ચાલકોને સ્ટેરીંગ ગાડ આપી ચાઈનીઝ દોરી થી થતી ઈજાઓથી બચી શકે તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેમજ સમગ્ર ભારત દેશમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોય ચાણસ્મા પોલીસ મથકના પીઆઈ આર એમ વસાવા, અશોકભાઈ ચૌધરી, મહેન્દ્રભાઈ, દિનેશભાઈ રોઝીયા સહિતના પોલીસ સ્ટાફે સમગ્ર ચાણસ્મા શહેરમાં પતંગ દોરીના વિવિધ સ્ટોલ ઉપર ફરી ની તપાસ કરવામાં આવી હતી

# સંત સુરદાસ યોજના અંતર્ગત દિવ્યાંગોની સહાયની રકમમાં વધારાની માંગ કરતા ધારાસભ્ય ધવલસિંહ ઝાલા...

ગાંધીનગર.

સંત સુરદાસ યોજના × અંતર્ગત ૮૦ % કે તેથી વધુ શારીરિક અશક્ત દિવ્યાંગો ( બહેરા - મુંગા, અંધજન કે અન્ય રીતે શારીરિક અશક્ત )ને માસિક ૧૦૦૦/- રૂપિયા સરકારી સહાય આપવામાં આવે છે, જે સહાય રાશીમાં સરકાર દ્વારા વધારો કરી રૂ. ૨૦૦૦/- કરવામાં આવે, તેમજ ૮૦% કે તેનાથી વધુ શારીરિક રીતે અશક્ત અનેક દિવ્યાંગો બી પી એલ સ્કોરના દાખલાના નિયમના કારણે લાભથી વંચિત રહે છે તો સરકાર દ્વારા આ નિયમને દૂર કરવામાં આવે અને દરેક દિવ્યાંગોને આ યોજનાનો લાભ આપવામાં આવે તેમજ ૫૦% દિવ્યાંગ તા ધરાવતા તમામને લાભ આપવામાં આવે તે માટે બાયડ - માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિતમાં રજૂઆત કરી...

### એક સુંદર સંભારણું

# આજનું કવિ સંમેલન

સ્થળ :--- ડૉ. જે. પટેલ કન્યા વિદ્યાલય , નાની કડી રણછોડ રંગભૂમિ હોલ



ગાંધીનગરથી આશરે એકાદ કલાકની મુસાફરી કરી અમે પહોંચ્યા ત્યારે રંગભૂમિનો વિશાળ હોલ કન્યા વિદ્યાલય ની ઉત્સાહી બાળાઓથી છલોછલ ભરેલો હતો . હાઈસ્કૂલ કક્ષાની વિદ્યાર્થીનીઓનો ગુજરાતી સાહિત્ય તરફનો આવો લગાવ જોઈ ખુબ પ્રસન્નતા અનુભવાઈ .

કવિગણની વાત કરીએ તો ,ગાંધીનગરના ઉત્સાહી કવિ શ્રી નિરંજન શાહ , યુવા કવિ શ્રી પ્રખર ઝાંખર (ક્રિશ-ના) ,કવિયીત્રી પાયલ શાહ ,કવિયીત્રી શીલા શાહ ,ઉદઘોષક કવિ શ્રી ઉમેશ પટેલ, કવિ શ્રી જશુ પટેલગ,ાંધીનગરના કવિશ્રી પ્રતાપસિંહ ડાભી ( હાકલ ) જેઓ આજના સમારંભના મુખ્ય કવિ હતા પણ સંજોવશાત નાદુરસ્ત તબિયતના કારણે આવી ન શક્યા . તેમની ખોટ ઘણી સાલી હતી .સૌએ પોતાની સ્વ રચિત ગીત , ગઝલો નું પઠન કર્યુ .જેને સૌ મનભરીને માણ્યું .એક એક શેર પર બાળાઓ તાળીઓ પાડીને કવિઓનો ઉત્સાહ વધારતી હતી . એમનો આવો અનોખો કાવ્ય પ્રેમ નિહાળી ખુબ ખુશી થઈ .

કન્યા શાળાના આચાર્યા શ્રીમતી અલકા બહેને તથા શાળાના શિક્ષક શ્રી ઈશ્વરસિંહજી ચૌહાણે પણ પોતાની કૃતિઓ રજૂ કરી સમગ્ર કાર્યક્રમને ઓર સુંદર બનાવી દીધો .

શાળાની બાળાઓની શિસ્ત પણ ખુબ સુંદર હતી .

જશુ પટેલ
એડમીન , એડિટર

# કંઝાવાલા કાંડઃ અંજલીના પરિવારના સુલ્તાનપુરી પોલીસ સ્ટેશન બહાર ધરણા

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હીના કંઝાવાલા વિસ્તારમાં કાર સાથે ઢસેડાઈને મૃત્યુ પામેલી ૨૦ વર્ષીય અંજલી સિંહના પરિવારજનો પુત્રીને ન્યાય અપાવવા માટે આજે ફરી એક વખત રસ્તા પર ઉતરી આવ્યા છે. અંજલીના સબંધીઓ અને કેટલાક અન્ય લોકો અંજલી માટે ન્યાયની માંગને લઈને દિલ્હીના સુલ્તાનપુરી પોલીસ સ્ટેશન બહાર બેસી ગયા છે. અંજલીના મામાએ જણાવ્યું કે, સુલ્તાનપુરી પોલીસ સ્ટેશનના એસએચઓએ કહ્યું છે કે, તેઓ અમારી ડીસીપી સાથે વાત કરાવશે. અને તેમણે કહ્યું કે, આ મામલામાં નોંધાયેલી એફઆઈઆરમાં કલમ ૩૦૨ (હત્યા) ઉમેરવાનું તેમના હાથમાં નથી પરંતુ વરિષ્ઠ અધિકારીઓના હાથમાં છે. સંબંધીઓનું કહેવું છે કે, આરોપીઓએ ગુનો કબૂલી લીધો છે તો પોલીસ બીજું શું જોવા માંગે છે?

નવા વર્ષની મોડી રાત્રે બલેનો કાર સવાર યુવકોએ ૨૦ વર્ષીય એક યુવતીની સ્કૂટીને ટક્કર મારી દીધી હતી. ત્યાર બાદ તે યુવતી કાર નીચે ફસાઈ ગઈ હતી અને કાર સવાર તેને લગભગ ૧૨ કિલોમીટર સુધી ઢસડીને લઈ ગયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK